# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 5-8-2024 Morning : 9.00 to 9.10 AM
Day : Monday National News

આકાશવાણી- સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

***************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફિજી, ન્યૂઝીલેન્ડ્સ અને તિમોર લેસ્તેના પ્રવાસે જવા રવાના - ફિજીના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સાથે બેઠક કરશે
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં વિક્રમી ગેસ ઉત્પાદનને બિરદાવ્યું
- સેનાની ત્રણેય પાંખના વડા – સીડીસી જનરલ અનિલ ચૌહાણની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય ટ્રાઇ સેવા નાણાકીય સંમેલનનો પ્રારંભ
- મહારાષ્ટ્રના પુણે શહેરમાં વધુ સાત દર્દીઓ ઝીકા વાઇરસથી સંક્રમિત, કુલ દર્દીઓની સંખ્યા 70થી વધુ
- બાંગ્લાંદેશમાં વિરોધ પ્રદર્શનો દરમિયાન થયેલી હિંસામાં અંદાજે 90થી વધુના મોત, ઢાકામાં આજે વિદ્યાર્થીઓની વિશાળ રેલી
- પેરિસ ઓલિમ્પિકમાં બેડમિન્ટન ખેલાડી લક્ષ્યસેન આજે દેશ માટે ચોથો કાંસ્ય ચંદ્રક જીતવા મેદાનમાં ઉતરશે

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PREZ VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફિજી, ન્યૂઝીલેન્ડ્સ અને તિમોર લેસ્તેના પ્રવાસે રવાના થયા છે. સૌ પ્રથમ તેઓ ફીજી પહોંચશે જ્યાં અહીં તેઓ સાત ઓગસ્ટ સુધી રોકાણ કરશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે આ પ્રવાસથી બંને દેશોના ઐતિહાસિક સંબંધો વધુ મજબૂત બનશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફિજીના રાષ્ટ્રપતિ કૈટોનીવેરે અને પ્રધાનમંત્રી સિતિવેની રાબુકા સાથે બેઠક કરશે. તેઓ ફિજીની સંસદમાં સંબોધન કરશે તેમજ ભારતીય મૂળના લોકો સાથે મુલાકાત પણ કરશે. પ્રવાસના બીજા તબક્કામાં એટલેકે 8 અને 9 ઓગસ્ટના રોજ તેઓ ન્યૂઝીલેન્ડમાં રોકાણ કરશે. જ્યાં તેઓ ગવર્નર જનરલ સિંડીકિરો અને પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે મુલાકાત કરશે. તેઓ વેલિંગ્ટનમાં આંતરરાષ્ટ્રીય શિક્ષણ સંમેલનને પણ સંબોધિત કરશે અને ઑકલૅન્ડમાં ભારતીય મૂળના લોકો સાથે મુલાકાત કરશે. પ્રવાસના અંતિમ તબક્કામાં એટલેકે દસ ઓગસ્ટના રોજ રાષ્ટ્રપતિ  તિમોર-લેસ્તે જશે, જ્યાં તેઓ રાષ્ટ્રપતિ જોસે રામોસ હોર્તા સાથે દ્વીપક્ષીય બેઠક કરશે. તિમોર-લેસ્તેના પ્રધાનમંત્રી સાથે પણ મુલાકાત કરશે.

# PM GAS PRODUCTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં વિક્રમી ગૅસ ઉત્પાદનને બિરદાવ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું છે કે વિકસીત ભારતના સંકલ્પને હાંસલ કરવા માટે ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા ખૂબજ મહત્વપૂર્ણ છે.

આ પૂર્વે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ગૅસ ઉત્પાદનના ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ બનાવ્યો છે. દેશમાં 2020-21માં ગૅસનું ઉત્પાદન 28.7 બિલિયન ક્યૂબિક મીટર હતું અને 2023-24માં વધીને 36.43 બિલિયન ક્યૂબિક મીટર થયું.

કેન્દ્રીય મંત્રી દ્વારા શેર કરાયેલા આંકડા પ્રમાણે 2026માં ગૅસનું ઉત્પાદન 45.3 બિલિયન ક્યૂબિક મીટર રહેવાનું અનુમાન છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું, ગૅસ ઉત્પાદનમાં આ સિદ્ધિ આ દિશામાં અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

# CDS TRI SERVICE CONFERENCE

સૈન્યની ત્રણેય પાંખના વડા – સીડીસી જનરલ અનિલ ચૌહાણ આજે નવી દિલ્હીમાં ઉચ્ચસ્તરીય ટ્રાઇ સેવા નાણાકીય સંમેલનની અધ્યક્ષતા કરશે. આ સંમેલનનો હેતુ ત્રણેય સશસ્ત્રદળોના નાણાકીય વ્યવહારોમાં એકતા અને તાલમેલ વધારવાનો છે.

સંમેલનમાં સંરક્ષણ મંત્રાલય, કંટ્રોલર જનરલ ડિફેન્સ એકાઉન્ટ્સના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ સંમેલન સશસ્ત્ર દળોમાં એકીકરણ અને સંયુક્તતા પર ચાલી રહેલા અભિયાન માટે નિર્ધારિત ઉદ્દેશ્યો સાથે સંરેખિત છે. સંમેલન દરમિયાન, સંરક્ષણ ક્ષેત્રે રોકાણમાં વિવિધ ભાગીદારોના દૃષ્ટિકોણ અને સંરક્ષણ ઉત્પાદનમાં આવતા પડકારોના ઉકેલો અંગે ચર્ચા કરાશે.

# PUNE ZIKA

મહારાષ્ટ્રના પુણે શહેરમાં વધુ સાત દર્દીઓમાં ઝીકા વાઇરસની પુષ્ટિ થઈ છે. આ સાત દર્દીઓમાં કટરાજ અને કોંઢવા વિસ્તારનીપાંચ ગર્ભવતી મહિલાઓ, એક 18 વર્ષીય યુવક અને એક 40 વર્ષિય વ્યક્તિ સામેલ છે. સમગ્ર જિલ્લામાં અત્યાર સુધીમાં 72 લોકો ઝીકા વાઇરસથી સંક્રમિત થયા હોવાનું જિલ્લા આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

# LOK SABHA TODAY

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નિયંત્રણ હેઠળની 2024-25 માટે અનુદાનની માંગણીઓ પર આજે લોકસભામાં ચર્ચા હાથ ધરાશે. સાથે જ ગોવા રાજ્યના વિધાનસભા મતવિસ્તારમાં અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વની પુન: ગોઠવણ ખરડો 2024 લોકસભામાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. ઉપરાંત તેલ ક્ષેત્ર સુધારા ખરડો, 2024 રજૂ થઈ શકે છે, અને કૃષિ મંત્રાલયના કામકાજ પર પણ ચર્ચા થવાની છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો.

# WAYANAD LANDSLIDE

કેરળના ભૂસ્ખલનથી અસરગ્રસ્ત વાયનાડમાંથી વધુ મૃતદેહોને શોધવાની કામગીરી આજે સાતમા દિવસે પણ ચાલુ છે. મલપ્પુરમ જિલ્લાના અને નીચાણવાળા વિસ્તારોમાં કાટમાળ નીચે કોઈ મૃતદેહ ન રહે તે સુનિશ્ચિત કરવા સત્તાવાળાઓ કોઈ કસર છોડી રહ્યા નથી.

અમારા સંવાદદાતા જણાવે છે કે મોટી સંખ્યામાં લોકો ગુમ થયા હોવાના અહેવાલના પગલે આજે પણ વધુ મૃતદેહો શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું ગઈકાલે અધિકારીઓએ ડ્રોન આધારિત ઇન્ટેલિજન્ટ બરીડ ઓબ્જેક્ટ ડિટેક્શન સિસ્ટમની મદદથી સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

ભૂસ્ખલન પહેલા અને પછીના વિસ્તારના ફેરફારોનો અભ્યાસ કરવા માટે કોન્ટૂર નકશા પણ બનાવવામાં આવી રહ્યા છે. સર્ચ ઓપરેશનમાં મદદ માટે વધુ સેનાના જવાનો અને ચાર ખાસ પ્રશિક્ષિત સ્નિફર કુતરાઓને મેરઠથી વિમાન માર્ગે મોકલવામાં આવ્યા છે. મેપ્પડી ખાતે રાખવામાં આવેલા 67 અજાણ્યા મૃતદેહોમાંથી આઠના ગઈકાલે અંતિમસંસ્કાર કરાયા છે. ઉલ્લેખનીય છે કે વાયનાડમાં ભૂસ્ખલનની ઘટનાઓમાં મુર્ત્યુઆંક વધીને 370  થયો છે.

# IMD-WEATHER

હવામાન વિભાગએ આજે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદની આગાહી કરી છે. કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, પશ્ચિમ રાજસ્થાન અને પૂર્વ ઉત્તરપ્રદેશમાં બે  દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે આ અઠવાડિયા દરમિયાન પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે અને 6 અને 7 ઓગસ્ટે ઉત્તરાખંડમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત  કરી છે.

આ અઠવાડિયે પૂર્વ ભારતમાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે. આ મહિનાની 7 થી 9 તારીખ સુધી અરુણાચલપ્રદેશમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# BANGLADESH CLASHES

બાંગ્લાંદેશમાં વિદ્યાર્થી સંગઠનો દ્વારા કરાયેલા વિરોધપ્રદર્શનો દરમિયાન થયેલી હિંસામાં અંદાજે ૭૦ લોકોના મોત થયા છે, મૃતકોમાં 13 પોલીસકર્મીઓ સામેલ છે. બાંગ્લાદેશમાં અનામતના વિરોધ અને હાલમાં થયેલા વિદ્યાર્થીઓના મોત મામલે વિદ્યાર્થીઓ સંગઠનોએ અસહકાર આંદોલન શરૂ કર્યું છે. જેને પગલે રાજધાની ઢાંકા સહિત દેશના કેટલાક ભાગોમાં તણાવ અને ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી.

દેખાવકારો પ્રધાનમંત્રી શેખ હસિનાના રાજીનામાની માગ કરી રહ્યા છે. સરકારે ગઈકાલે ઢાંકા સહિતના કેટલાક ભાગોમાં કર્ફ્યૂ લાગુ કર્યો હતો. દરમિયાન વિદ્યાર્થી સંગઠનોએ આજે ઢાંકામાં વિશાળ રેલીનું આહ્વાન કર્યું છે. સરકારે હિંસાની શક્યતા અને સામાન્ય નાગરિકોની સુરક્ષાને ધ્યાને લેતા આજથી ત્રણ દિવસ માટે દેશમાં જાહેર રજાની જાહેરાત કરી છે. તણાવને પગલે ઇન્ટરનેટ સેવા બંધ કરી દેવાઈ છે. કોલિંગ માટે માત્ર બીજી સેવા ચાલુ રહેશે

# BANGLADESH NOTIFICATION

બાંગ્લાદેશમાં તણાવની સ્થિતિને જોતા વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને બાંગ્લાદેશ પ્રવાસ ન કરવા સલાહ આપી છે. એક માર્ગદર્શિકામાં મંત્રાલયે બાંગ્લાદેશમાં રહેતા તેમજ પ્રવાસ કરી રહેલા ભારતીય નાગરિકોને સાવચેત રહેવાની તેમજ કારણ વિના બહાર ન નીકળવાની સૂચના આપી છે. મંત્રાલયે ઢાંકા માટે ઇમરજન્સી નંબર જાહેર કર્યા છે અને મુશ્કેલીના સમયમાં આ નંબરો પર સંપર્ક કરવા માટે જણાવાયું છે.

# PARIS OLYMPIC

ભારતના બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેન આજે દેશ માટે ચોથો કાંસ્ય ચંદ્રક જીતવા મેદાનમાં ઉતરશે. લક્ષ્ય સેન આજે ભારતીય સમય અનુસાર સાંજે 6 વાગ્યે પુરુષ સિંગલ્સની મેચમાં મલેશિયાના ઝી જિયા લી સામે ટકરાશે.

લક્ષ્ય સેન ગઇકાલે સેમિફાઇનલ મુકાબલામાં ડેનમાર્કના વિક્ટર એક્સેલસનને હરાવવામાં નિષ્ફળ રહ્યા, અને સીધા સેટમાં 20-22, 14-21થી હાર્યા હતા. તેઓ ઓલિમ્પિક્સમાં સેમિફાઇનલમાં પહોંચનાર પ્રથમ પુરુષ બેડમિન્ટન ખેલાડી છે. સાઈના નેહવાલ અને પીવી સિંધુ બેડમિન્ટનમાં ભારત માટે ઓલિમ્પિક મેડલ જીતનારી મહિલા ખેલાડી છે.

# OLYMPIC TICKET

કેન્દ્ર સરકારે પેરિસ ઓલિમ્પિક પ્રસંગે ટપાલ ટિકિટ જાહેર કરવાની જાહેરાત કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ભારતીય પોસ્ટે જણાવ્યું છે કે ઓલિમ્પિકની ઉજવણી પ્રસંગે આજે 12 વાગે આ ટપાલ ટિકિટ જાહેર કરાશે. કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આ કાર્યક્રમમાં હાજરી આપશે.